# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-05-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પીએમ: ગાંધીનગર મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી **આજે** ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે 5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે. નાગરિકોની આરોગ્ય સુખાકારી વધારતા અંદાજે 672 કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ મળશે. શ્રી મોદી અમદાવાદ સિવિલ મેડિસીટીમાં 588 કરોડના ખર્ચે નિર્માણ પામનાર 1800 બેડની હોસ્પિટલનું ઇ-ખાતમુહૂર્ત પણ કરશે. દરમિયાન શ્રી મોદી 84 કરોડના ખર્ચે તૈયાર થયેલ યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ગાંધીનગર ખાતેના સેટેલાઇટ સેન્ટરનું ઇ-લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી રાજભવનથી મહાત્મા મંદિર સુધી રોડ શો પણ યોજશે..

**--------------------------------------------------------------------------------**

## પીએમ: કચ્છ મુલાકાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે ભારત લોકોને જોડતા પર્યટનને પ્રોત્સાહન આપે છે, જ્યારે પાકિસ્તાન આતંકવાદને પર્યટન તરીકે ગણે છે. આજે ગુજરાતનાં સરહદી જિલ્લા કચ્છના ભુજમાં એક જાહેરસભા સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાન પર પોતાના ફાયદા માટે તેના યુવાનોના ભવિષ્યનો નાશ કરવાનો આરોપ લગાવ્યો.**

**પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ઓપરેશન સિંદૂરથી આતંકવાદ સામે ભારતની શૂન્ય સહિષ્ણુતા નીતિ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ છે. ઓપરેશન સિંદૂરને માનવતાને બચાવવા અને આતંકવાદનો અંત લાવવાનું મિશન ગણાવતા તેમણે કહ્યું કે ભારતની લડાઈ સરહદ**

પારના આતંકવાદ સામે મજબૂતીથી લડાઈ છે, અને જે લોકો તેને પોષે છે તેઓ આપણા દુશ્મનો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પાકિસ્તાને ભારતીય નિર્દોષોને નિશાન બનાવ્યા, જેના માટે તેણે મોટી કિંમત ચૂકવી છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતે વિકાસ, શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ પસંદ કર્યો છે. તેમણે છેલ્લા બે દાયકામાં કચ્છના પરિવર્તનની પ્રશંસા કરી અને 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન કચ્છ રનવેને પુનઃસ્થાપિત કરનાર કચ્છની બહાદુર મહિલાઓને શ્રદ્ધાંજલિ આપી.ગુજરાતની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી મોદીએ ગઇકાલે ભુજમાં 53 હજાર 400 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

આ અગાઉ પ્રધાનમંત્રીએ બપોરે ભુજના હીલગાર્ડનથી મીરઝાપર રોડ પર સભા સ્થળ સુધી ભવ્ય રોડ શો યોજ્યો હતો.

-------------------------------------------------------------------------------------------

## સુપ્રીમ કોટ ન્યાયધીશ તરીકે કચ્છી

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ત્રણ મુખ્ય ન્યાયમૂર્તિઓને બઢતી આપી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવા ભલામણ કરી છે. જેમાં કચ્છ માંડવીના વતની અને હાલે કર્ણાટક વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ નિલયભાઈ વિપિનચંદ્ર અંજારિયાનો સમાવેશ થાય છે. તેમણે ગુજરાત વડી અદાલતના ન્યાયમૂર્તિ તરીકે લાંબો સમય સેવા બજાવી હતી તેઓ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પદે કચ્છમાંથી નિયુક્તિ પામનારા કદાચ પ્રથમ ન્યાયવિદછે.

-------------------------------------------------------------------------------------------

## આતંકવાદ : પ્રતિનિધિ મંડળ

બહેરીનમાં, ભાજપના સાંસદ બૈજયંત જય પાંડાના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે બહેરીનના નાયબ પ્રધાનમંત્રી શેખ ખાલિદ બિન અબ્દુલ્લા અલ ખલીફાને ભારત સામે સરહદ પાર આતંકવાદના પડકારો અને તેનો સામનો કરવા માટે નવી દિલ્હીના દૃઢ સંકલ્પ વિશે માહિતી આપી.

**દક્ષિણ કોરિયામાં, જેડી(યુ)ના સાંસદ સંજય ઝાના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે ભારતીય ડાયસ્પોરાના સભ્યો સાથે લશ્કરી અભિયાન ઓપરેશન સિંદૂર અંગેની સમજ આપી હતી. પ્રતિનિધિમંડળે આતંકવાદ સામે મોદી સરકારના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો.. ટીમે ભૂતપૂર્વ વિદેશ મંત્રી ડૉ. યૂન યંગ-ક્વાન સહિત જાણીતા કોરિયન મહાનુભાવો સાથે પણ વાતચીત કરી.**

**-------------------------------------------------------------------------------------**

## મેદસ્વિતા મુક્ત ગુજરાત: ગાંધીધામ

કચ્છના પી.એચ.સી  અને આયુષ્માન આરોગ્ય મંદિરમાં "મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન" અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યો છે. ત્યારે ગાંધીધામ પી.એચ.સી ખાતે તાલુકા આરોગ્ય અધિકારી ડો.દીનેશ સુતરીયાના અધ્યક્ષસ્થાને "મેદસ્વિતા મુક્તિ" વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મેદસ્વિતાથી થતા નુકસાન, મેદસ્વિતાને કેવી રીતે ઘટાડી શકાય અને કેવી રીતે માપી શકાય, બીનચેપી રોગોથી બચાવ માટેના ઉપાયો તથા જીવનશૈલીમાં બદલાવ જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.   મોટી સંખ્યામાં લોકોએ જોડાઈને માર્ગદર્શનનો લાભ લીધો હતો.

**-------------------------------------------------------------------------------------**

## દેશના પ્રથમમ પ્રધાનમંત્રી નહેરુની પૂણ્યતિથિ

**દેશના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુની આજે 61 મી પુણ્યતિથી છે. આજે એ નિમિતે ભુજમાં સદગતની ટાઉન હોલ સામે આવેલી પ્રતિમાને ભુજ નગરપાલિકા અને અન્ય સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલિ અપાશે.**

**-------------------------------------------------------------------------------------**